ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૫ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં સોહામણા શ્રીજીનું શ્રધ્ધાપૂર્ણ સ્થાપન

**વહેલી સવારથી ઢોલ-નગારા અને ડીજે સાઉન્ડ ગૂંજી ઉઠયા : આ વર્ષે ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓમાં વધારો : સે-૩-ડીમાં ગજરાજે ગજાનંદના ઓવારણાં લીધા : શહેરમાં સાર્વજનિક ગણેશોત્સવનો પ્રારંભ**

















ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર આજે સવારથી જ ગણેશમય બની ગયું હતું અને ઢોલ-નગારા તથા ડીજે સાઉન્ડની ધામધૂમ સાથે શહેરમાં શ્રીજી મહારાજનું સ્થાપન કરવામાં આવ્યું છે. શહેરના સાર્વજનિક ગણેશ મહોત્સવના આયોજકો ઉપરાંત નગરજનો દ્વારા મોટી સંખ્યામાં પોતાના ઘરે વિઘ્નહર્તા દુંદાળા દેવનું વાજતે ગાજતે સ્થાપન કરવામાં આવ્યું છે. સેકટર-૩-ડીમાં શોભાયાત્રામાં ગજરાજ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. શહેરમાં આજે ગણપતિ સ્થાપનની વિધી માટે પંડિત મહારાજોની સંખ્યા ઓછી પડી હતી જેના પગલે એક મહારાજે ત્રણથી ચાર સ્થળે સ્થાપન વિધિ કરાવા દોડવું પડયું હતું. બરાબર તેવી જ હાલત ઢોલ-નગારા વગાડનારાઓની પણ થવા પામી હતી.

સેકટર-૨૨ના સાર્વજનિક ગણેશ મહોત્સવ માટે આજે સવારે ૧૦ કલાકે સેકટર-૪-ડી ખાતે તુષાર શાહના નિવાસસ્થાનેથી શ્રીજીની મૂર્તિ સાથે શોભાયાત્રાએ પ્રસ્થાન કર્યું હતું. આ શોભાયાત્રામાં શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, જિલ્લા પંચાયત પ્રમુખ મંગીબેન ચૌધરી, જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતનાબેન બુચ તથા સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના અધ્યક્ષ નિશિત વ્યાસ સહિત અગ્રણીઓ જોડાયા હતા. આ પહેલા સવારે ૮ કલાકે સેકટર-૩ડીમાં યુવક મિત્ર મંડળ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવની શોભાયાત્રા રતનજી ઠાકોરના નિવાસસ્થાનેથી નિકળી હતી. આ શોભાયાત્રામાં પહેલીવાર શહેરમાં ગણેશોત્સવમાં ગજરાજનો ઉપયોગ કરાયો હતો જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. સે-૨-સી ખાતે આયોજિત ગણેશ મહોત્સવમાં સવારે ૯ કલાકે બાબુભાઈ પટેલના નિવાસસ્થાનેથી શોભાયાત્રા નીકળી હતી. જેમાં ઢોલ નગારાના તાલે ગણપતિ બાપાને વાજતે ગાજતે પંડાલમાં લવાયા હતા. સે-૫-બીમાં જય ગોગા યુવક મંડળ આયોજિત ગણેશ ઉત્સવમાં સવારે ૮.૩૦ કલાકે વિજયસિંહ સોલંકીના નિવાસેથી શોભાયાત્રા સાથે પોથીયાત્રા પણ નિકળી હતી. સે-૫-બીમાં જ વિનાયક યુવક મંડળ દ્વારા આયોજિત ગણેશોત્સવમાં સવારે ૧૧ કલાકે શોભાયાત્રા નીકળી હતી.

ગાંધીનગરમાં આજે નગરજનોએ પણ મોટી સંખ્યામાં ગણેશજીનું સ્થાપન કર્યું હતું. આ સંખ્યા એટલી વધી જવા પામી છે કે ગણેશ સ્થાપનની વિધિ માટે પંડિત મહારાજની સંખ્યા ખૂટી પડી હતી અને એક મહારાજને ત્રણ કે ચાર જગ્યાએ ગણેશ સ્થાપન કરવા જવાનો વારો આવ્યો હતો. આજ રીતે શહેરમાં ઢોલ-નગારા વગાડનારાની ડિમાન્ડ પણ વધી જતા તેમણે પોતાનો ચાર્જ વધારી દીધો હતો અને એક પછી એક ત્રણ ચાર ઓર્ડર કરવા દોડાદોડ કરી હતી. આ વર્ષે શહેરમાં ગણેશજીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓની સંખ્યા વધુ જોવા મળી હતી અને સરકાર ઉપરાંત સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓના સતત પ્રચારને પગલે હવે શ્રધ્ધાળુઓ ઈકો ફ્રેન્ડલી માટીની મૂર્તિનો આગ્રહ રાખતા જોવા મળ્યા હતા. શહેરમાં નિર્વિઘ્ને વાજતે ગાજતે ગરબા અને ડાન્સ સાથે 'ગણપતિ બાપ્પા મોરિયા'ના નાદ સાથે વિઘ્નહર્તાનું સ્થાપન સંપન્ન થયું હતું.

## @ગાંધીનગર

● વિનાયક યુવા મિત્ર મંડળ સે-૫-બી ખાતે ગણેશ મહોત્વસમાં ૧થી ૩ વર્ષના બાળકો માટે મેમરી ગેમ, ૩૦ મી. દોડ, જજમેન્ટ ગેમ તેમજ ધો-૪ થી ૭ના બાળકો માટે લીંબુ ચમચી, દોરડા કુદ અને ધો-૮ના બાળકો માટે સંગીત ખુરશી જેવી રમતો યોજાશે.

● ગણેશ મહોત્સવ સહકાર કોલોની ખ-૬ કરૂણા સર્કલ સે-૨૫ ખાતે રાત્રે ૭.૦૦ કલાકે જુના હિન્દી ગીતોનો કાર્યક્રમ યોજાશે.

● સે ૩-ડી ગણેશ મહોત્સવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે કસુંબલ ડાયરો દેવાયત ખાવડ દ્વારા યોજાશે.

● સે-૨-સી સાર્વજનિક ગણેશોત્સવમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રાત્રે ૯ કલાકે યોજાશે.

● સે-૨૨ ગણેશ મહોત્સવ ખાતે બપોરે ૧.૩૦ કલાકે જયોતિ મહિલા મંડળ દ્વારા હલ્દી કંકુ, ભજનગૃપ, આરતી સુશોભન, ફુલદાની અને મોદક સ્પર્ધા યોજાશે. રાત્રે ૮.૩૦ કલાકે ભીખુદાનભાઈ ગઢવી દ્વારા લોકડાયરો યોજાશે.

● સે-૫ જય ગોગા યુવક મંડળ દ્વારા આયોજીત ગણેશ મહોત્સવમાં બપોરે ૧૧ વાગે આનંદનો ગરબો, ૨ કલાકે શિવમહિમ્ન સ્ત્રોત તથા રાત્રે ૮ કલાકે નાટક યોજાશે.

● સે-૧૬ સોમનાથ મહાદેવ મંદિર ખાતે ગણેશ મહોત્સવમાં નીલેશ વ્યાસ અને ભાવનાબેન નાયક દ્વારા લોકડાયરો યોજાશે.

## સે-૭ દેના ગુજરાત ગ્રામીણ બેંક દ્વારા ૧૪મો સ્થાપના દિન ઉજવાયો



ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સેકટર-૭ ડી ખાતે આવેલ દેના ગુજરાત ગ્રામીણ બેંક ખાતે તેનો ૧૪ મો સ્થાપના દિન ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચના હસ્તે કેક કાપીને ભારે ધામધુમથી ઉજવાયો હતો. જેમાં બેંકના મેનેજર પ્રદિપ સોલંકી સહિત કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચના અધ્યક્ષ સ્થાને અને પૂર્વ નિવૃત મેનેજર લાલજીભાઈ દેસાઈ (પીલુચા શાખા)ની હાજરીમાં સ્થાપના દિનની ઉજવણી યોજાઈ હતી. દેના ગુજરાત ગ્રામીણ બેંકના સેકટર-૭ ડીના સ્ટાફ સભ્યો દ્વારા ગ્રામીણ બેંકની પ્રગતિની રૂપરેખા આપી હતી અને જીવન જયોત વીમા યોજના, સુરક્ષા વીમા યોજના જેવી અનેક ગ્રાહકલક્ષી યોજનાઓની માહિતી આપી હતી અને યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ બેંકમાં આધારકાર્ડ કઢાવવા માટે આધાર સેવા કેન્દ્રની વ્યવસ્થા છે તેમજ લોકર સુવિધા અને બેન્કીંગ સેવાઓનો લાભ લેવા મેનેજર પ્રદિપ સોલંકીએ અનુરોધ કર્યો હતો. જયારે વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે સ્થાપના દિને બેંકને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે દેના ગુજરાત ગ્રામીણ બેંકના ગ્રાહકો હાજર રહ્યા હતા. જયારે કાર્યક્રમને સફળ બનાવવા માટે સે-૭ શાખાના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

## રવિવારથી મહાકાળી મહાપ્રસાદ સેવાકેન્દ્રનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર-માણસા માર્ગ પર પરંપરા ગાર્ડન રેસ્ટોરન્ટ સામે સતત ૧૫ માં વર્ષે શ્રી મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્રનો શુભારંભ આગામી તા.૧૬ સપ્ટેમ્બરને રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે શ્રી ગીરનારી આશ્રમ, બાલવાના પરમવિદુષી બાલયોગીની સાધ્વીશ્રી પૂ.ગીતાદીદીના હસ્તે કરવામાં આવશે. જયારે આ સેવા કેન્દ્ર ખાતે વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિ કાર્યક્રમો પણ યોજાશે.

શ્રી મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્ર તા. ૧૬, ૧૭, ૧૮, અને ૧૯ સપ્ટેમ્બર સુધી ૨૪ કલાક પદયાત્રીકો માટે કાર્યરત રહેશે. આ સેવા કેન્દ્રનું ગાંધીનગર શહેરના વકીલ મિત્ર મંડળ દ્વારા આયોજન કરાય છે. તા. ૧૬ રવિવારના રોજ ગુજરાતી ફિલ્મ કલાકાર અને ગાયક પ્રકાશભાઈ રાઠોડ અને હરેશભાઈ રાવતની જુગલબંધી ગરબાની રમઝટ જમાવશે. આ પ્રસંગે લોક ગાયીકા દિવ્યા ચૌધરી ખાસ ઉપસ્થિત રહેશે. તા. ૧૭ ના રોજ પેથાપુર જુગલબંધી ગ્રુપના કલાકારો દ્વારા ગરબા યોજાશે. જયારે તા. ૧૮ ના રોજ મંગળવારના રોજ રાત્રે ફિલ્મ અભિનેતા અને ગાયક રતનસિંહ વાઘેલા અને હીરલ ડાભી ગરબાની રમઝટ બોલવશે. આ પ્રસંગે દર્શના વ્યાસ ખાસ હાજર રહેશે. જયારે સતત ચાર દિવસ સુધી અંબાજી જતા ભકતોને ગરમાગરમ મહાપ્રસાદ આપવામાં આવશે ત્યારે ભકતોની સેવા માટે વકીલ મિત્ર મંડળ ખડેપગે હોય છે.

## સે-૫-એમાં ગૂંજ ફાઉન્ડેશનનો ઈકો ફ્રેન્ડલી ગણેશ ઉત્સવ...!!



### નાળિયેરના છોતરાં, વાંસ, કાગળ અને કાપડના ઉપયોગથી મનોરમ્ય મંદિર બનાવ્યું ગણેશજીની મૂર્તિ પણ માટીથી બનાવડાવી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં આજે વાજતે ગાજતે વિઘ્નહર્તાનું આગમન થયું છે. શહેરમાં રકતદાન સહિતની સેવાકીય પ્રવૃત્તિઓ કરતા ગૂંજ ફાઉન્ડેશનના યુવા મિત્રો દ્વારા સતત છઠ્ઠા વર્ષે સેકટર-૫-એમાં ગણપતિનું સ્થાપન કરવામાં આવ્યું છે. આ વર્ષે યુવાનોએ સંપૂર્ણ રીતે ઈકો ફ્રેન્ડલી મૂર્તિ અને તે માટે નયનરમ્ય સજાવટ કરી છે. જે આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. અહીં સાતમા દિવસે ગણેશજીનું વિસર્જન યોજાશે.

સેકટર-૫-એમાં સે-૪/૫ની ચોકડી નજીક પ્લોટ નં. ૪૯૪/૧ની બાજુમાં સતત છઠ્ઠા વર્ષે ગૂંજ ફાઉન્ડેશનના સ્વયંસેવકો દ્વારા આયોજીત ગણેશ ઉત્સવમાં શ્રીજીની મૂર્તિનું વાંસ-કાગળ-કાપડ અને નાળિયેરના છોતરાંથી બનેલુ સુંદર મંદિર જેવું બનાવી તેમાં સ્થાપન કરાયું છે. આ મંદિર બનાવવામાં કયાંય પણ પ્લાસ્ટિકનો દોરી સુધ્ધાં જેટલો ઉપયોગ નથી કરાયો તે સિવાય અન્ય પર્યાવરણને નુકસાનકારક હોય તેવી ચીજવસ્તુઓનો પણ ઉપયોગ નથી કરવામાં આવ્યો. શ્રીફળ આકારના આ મંદિરમાં સ્થાપિત ગણેશજીની મૂર્તિ પણ સંપૂર્ણપણે માટીમાંથી બનેલી છે. જેના પર કુદરતી રંગોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત જુના વપરાયા વગરના નાળિયેરનું તોરણ બાંધવામાં આવ્યું છે. આમ સંપૂર્ણપણે ઈકો ફ્રેન્ડલી ગણેશ ઉત્સવનું આયોજન કરી યુવાનોએ પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું છે.

## રાંધેજાની જે.એસ.પટેલ વિદ્યા મંદિર આસપાસ અસમાજીક તત્વોનો અડ્ડો

ગાંધીનગર, તા. ૧૩

રાજયમાં દિકરીઓ અને મહિલાઓ શિક્ષણથી વંચિત ના રહી જાય તે માટે અને શિક્ષણ પ્રત્યે સમાજમાં જાગૃતિ આવે તેવા ઉમદા હેતુંથી સરકાર તે દિશામાં સુંદર કામગીરી કરી રહી છે. ''બેટી પઢાવો બેટી બચાવો'' આ સુત્રને સાર્થક કરવા રાજયના વહીવટી તંત્રના અધિકારીઓ રાત-દિવસ કામ કરી રહ્યા છે ત્યારે ગાંધીનગરને અડીને આવેલા રાંધેજા ગામની જે.એસ.પટેલ વિદ્યામંદિરમાં અભ્યાસ કરતી દિકરીઓને લુખ્ખા તત્વો રંજાડી રહ્યા છે. ત્યારે અસામાજીક તત્વોને લીધે ગામની કેટલીક દિકરીઓને પોતાનો અભ્યાસ પણ અધુરો છોડવાનો વારો આવ્યો છે. ત્યારે આ અંગે શિક્ષણ મંત્રી, જિલ્લા કલેકટર, શાળા તંત્ર, ગામના આગેવાનો સહિત પોલીસ તંત્રને પણ લેખિત ફરિયાદ આપવામાં આવી છે.

રાંધેજા ખાતે આવેલ જે.એસ.પટેલ વિદ્યામંદિર ખાતે માધ્યમિક વિભાગનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ નિયમિત શાળાએ આવન-જાવન કરે છે. શાળાથી ઘરનું અંતર અંદાજીત ૨ કિલોમીટર જેટલું થવા પામે છે. શાળાની આસપાસ કેટલાક લુખ્ખા તત્વો પોતાનો અડીંગો જમાવી બેસી જાય છે. ૧૦થી ૧૫ના ટોળામાં રહેતા આવા તત્ત્વો સાયકલ પરથી પસાર થતી છોકરીઓને અથડાવી અકસ્માત પણ સર્જે છે. જેથી વિદ્યાર્થીઓને નાની મોટી શરીરે ઈજાઓ પણ પહોંચે છે. ત્યારે શાળાએથી ઘરે પરત જતી વિદ્યાર્થીનીઓની છેડતી અને બિભત્સ વર્તન કરી અપશબ્દો બોલે છે. જો વિદ્યાર્થીનીઓ ઘરે આ વાતની જાણ કરે તો તેમના અભ્યાસ પર અસર પડે છે. આ અસામાજીત તત્વોને પોલીસનો પણ ભય રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે વિદ્યાર્થીઓની રોજની રંજાડને પગલે વિદ્યાર્થીઓના મનમાં માનિસક ભય ઉભો થાય છે અને માનસિક બિમારીનો ભોગ બનવાની પુરેપુરી શકયતા રહેલી છે. ત્યારે વિદ્યાર્થીનીઓને આવા તત્વો દ્વારા થતો રંજાડ બંધ થઈ જાય અને આ દિકરીઓનું મહામુલ્ય શિક્ષણ કાર્ય બગડે નહીં અને અસામાજીત તત્વોનો ભય દુર થાય તે માટે કાયદેસરની કાર્યવાહી કરવા શિક્ષણમંત્રી, જિલ્લા કલેકટર, પોલીસ તંત્રને લેખિત ફરિયાદ કરી દિકરીઓ ન્યાયની રાહ જોઈ રહી છે.